


જિલ્લાના ચિલોડા જંક્શન ખાતે જાણીતા અશ્વમેઘ કોમ્પલેક્ષ ખાતે વેપારીઓ દ્વારા ફટાકડા ફોડી તથા ઢોલ વગાડીને અજમલ કસાબની ફાંસી બદલ ખુશાલી વ્યક્ત કરવામાં આવી હતી. (તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

## લોક માધ્યમ સાપ્તાહિકના તંત્રી દશરથભાઈના પિતાશ્રી ગોવિંદભાઈ લિંબાચીયાનું નિધન



ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગરથી પ્રકાશિત તથા લોકમાધ્યમ સાપ્તાહિકના તંત્રી દશરથભાઈ જી. લિંબાચીયાના પિતા શ્રી ગોવિંદભાઈ જી. લિંબાચીયા (પૂર્વ ઉપાધ્યક્ષ, ગુજરાત પ્રદેશ વૈદ્ય મંડળ) નું તા. ૨૦-૧૧-૧૨નાં રોજ દુઃખદ અવસાન થયેલ છે. સદ્‌ગતનું બેસણું તા. ૨૬-૧૧-૨૦૧૨ને સોમવારે મુ. પડુસ્મા, તા. માણસા, જિ. ગાંધીનગર ખાતે રાખેલ છે.

## ફાયરીંગ બટમાં ફાયરીંગ પ્રેક્ટિસ દરમ્યાન અનધિકૃત પ્રવેશ ન કરવા સૂચના

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર તાલુકાના માધવગઢમાં સર્વે નં. ૩૬૦, ૩૬૧ની જમીન સીઆરપીએ, ગાંધીનગરને ફાળવવામાં આવી છે, જેમાં ફાયરીંગ બટ તૈયાર કરવામાં આવ્યો છે. આ બટની ચારેય બાજુ ૧૦૦ મીટર સુધીના વિસ્તારમાં તા. ૨૨ નવેમ્બરથી તા. ૨૫ નવેમ્બર સુધી ફાયરીંગ પ્રેક્ટીસ કરવાની હોઈ આજુબાજુના રહીશો તેમજ બહારની કોઈપણ અનધિકૃત વ્યક્તિઓને પ્રવેશ ન કરવા માટે અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ગાંધીનગર દ્વારા સૂચના આપવામાં આવી છે.

## જૈન સૌશ્યલ ગ્રુપ દ્વારા ગરીબોને મીઠાઇ, નમકીનનું વિતરણ

ગાંધીનગર, તા. ૨૨

જૈન સૌશ્યલ ગ્રુપ ગાંધીનગર દ્વારા દિપોત્સવીના તહેવારોમાં ૬૬૦ કિલો મોહન થાળ, ૪૫૦ કિલો સેવના ૨૨૦૦ પેકેટ શહેરનાં વિવિધ સેકટરોમાં ગરીબો, ઝૂંપડવાસીઓને વિતરણ કરવામાં આવ્યું હતું. જૈન સૌશ્યલ ગ્રુપ તરફથી રૂપિયા દોઢ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે. જેનો સભ્યો તથા દાતાઓએ સહયોગ આપ્યો છે. જૈન સૌશ્યલ ગ્રુપ ગાંધીનગરના મંત્રી, શોધન ગાંધીએ જણાવેલ છે.

## ગાંધી મિત્ર વર્તુળની ૨૪મીએ બેઠક યોજાશે

ગાંધીનગર, તા. ૨૨

ગાંધી મિત્ર વર્તુળના સોમાભાઈ પરમારે એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે ગાંધી મિત્ર વર્તુળ ગાંધીનગરની માસિક બેઠક તા. ૨૪મી નવેમ્બર ૨૦૧૨ના રોજ શનિવારે સાંજે ૪ કલાકે ગાંધીજન ગિજુભાઈ ત્રિવેદીના નિવાસ સ્થાન બ્લોક નં. ૬૨૮, વાસ્તુનિર્માણ સોસાયટી, સેકટર-૨૨, ગાંધીનગર ખાતે મળશે. આ બેઠકમાં સર્વે ગાંધીજનોને ઉપસ્થિત રહેવા ખાસ જણાવાયું છે.

## દશેલા ગામથી ૨૮ વર્ષીય યુવાન કહ્યા વિના ઘરેથી ચાલ્યા ગયો

ચિલોડા, તા. ૨૨

ગાંધીનગર જિલ્લાના દશેલા ગામેથી પરાગકુમાર ગીરીશભાઈ ઉ.વ. ૨૮ ઘરે કોઈને કહ્યા વિના તા. ૨૬મી ઓક્ટોબરના દિવસથી ચાલ્યા ગયા હોવાનું જાણવા મળે છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ દશેલા ગામનો ૨૮ વર્ષીય યુવાન નામે પરાગકુમાર ગીરીશભાઈ પટેલ ઘરે કોઈને કહ્યા વિના ક્યાંક તા. ૨૬-૧૦-૧૨ના રોજ ચાલ્યા ગયા હોવાનું તેમના પિતા શ્રી ગીરીશભાઈ ધુળાભાઈ પટેલે ચિલોડા પોલીસ સ્ટેશનમાં ગુમ થયા અંગેની જાણવા જોગ અરજી આપી છે. સદર પરાગકુમાર સરીરે મજબૂત બાંધાનો, રંગ ઘઉંવર્ણ, ઊંચાઈ ૫.૮ ફૂટ તેમજ આસમાની કલરનું ટીશર્ટ અને કાળુ પેન્ટ પહેરેલ છે. આ ગુમ થયા અંગેની તપાસ ચિલોડા પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. એસ.આર. પટેલે વધુ તપાસ ચલાવી રહ્યા છે.

## સંસ્કાર ગ્રુપના તરૂણોએ રાજ્યપાલ તથા મુખ્યમંત્રીને દિપોત્સવી શુભેચ્છા અર્પી

ગાંધીનગર, તા. ૨૨

સંસ્કાર ગ્રુપ ગાંધીનગર નેચર કલબ દ્વારા ડભોડા ગામે હનુમાન દાદાનાં દર્શનનો કાર્યક્રમ યોજેલ હતો. જેમાં વાલીઓ તથા સભ્યો દ્વારા મોટી સંખ્યામાં જોડાયા હતા. દર વર્ષે તહેવારોમાં ધાર્મિક પ્રવાસનનું આયોજન કરવામાં આવે છે.

નવા વર્ષની શુભેચ્છા કાર્યક્રમમાં વૃક્ષદેવને પુષ્પ અર્પણ કરવામાં આવ્યા હતા. વૃક્ષ દેવને પ્રાર્થના કરી પક્ષીઓ, પ્રાણીઓ વૃક્ષના પોસ્ટકાર્ડમાં નોંધ કરાવી હતી.

મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની ગ્રુપના સભ્યોએ મુલાકાત લીધી હતી. ચાર્ટ પેપર કલાત્મક સુશોભિત નવા વર્ષની શુભેચ્છા પાઠવી હતી. રાજ્યપાલ શ્રીમતી કલમાબેન બેનીવાલને પણ શુભેચ્છા અર્પણ કરી હતી.

સંસ્કાર ગ્રુપના પ્રમુખશ્રી તુષારભાઈ દવેએ જણાવેલ હતું.

## સેકટર-૨૭માં અઠવાડીયાથી દુષિત પાણી આવતું હોવાની ફરિયાદ

ગાંધીનગર, તા. ૨૨

સેકટર-૨૭માં છેલ્લા એક સપ્તાહથી ડહોળું પાણી આવતું હોવાની ફરિયાદ ઉઠવા પામી છે. સવારે પાણીના સપ્લાય વેળાએ દુર્ગંધ યુકત દુષિત પાણી આવતા આ વિસ્તારમાં રોગચાળો ફેલાવાની દહેશત મંડરાઈ છે.

શહેરના જુના અને નવા સેકટરમાં થોડા સમય અગાઉ સપ્લાય વેળાએ નળમાં ડહોળું પાણી આવતું હોવાની વ્યાપક ફરિયાદો ઉઠવા પામી હતી. જો કે ચોમાસા દરમિયાન મુખ્ય નર્મદા કેનાલમાં પાણી વધતાં ટર્બિલીટીની સમસ્યા ઉદભવી હોવાનું ધ્યાને આવ્યું હતું. મુખ્ય કેનાલમાં પાણી સ્થિર ન રહેવાથી તેમજ શહેરમાં સ્થિત શુધ્ધીકરણ પ્લાન્ટની ક્ષમતા પણ પર્યાપ્ત ન હોવાથી નગરજનોએ એક મહિના સુધી ડહોળા પાણીની સમસ્યાનો સામનો કરવો પડયો હતો. બીજી તરફ શહેરના જુના સેકટરો સેકટર-૨૪ અને સેકટર-૨૭માં વારંવાર પાણી ડહોળું આવતું હોવાની બુમરાણ ઉઠવા પામે છે. સેકટર-૨૭માં સ્થિત ગાયત્રીનગર સોસાયટીના રહીશોના જણાવ્યા પ્રમાણે આ વિસ્તારમાં છેલ્લા એક અઠવાડિયાથી ડહોળું અને દુષિત પાણી આવે છે. સવારે પાણીના સપ્લાય વેળાએ શરૂઆતના સમયમાં દુર્ગંધ યુકત પાણી આવતું હોવાનું પણ રહીશો જણાવી રહ્યા છે. જેના પરીણામે સેકટરનો રોગચાળો જોર પકડે તેવી દહેશત પણ પ્રવર્તી છે. તંત્ર કક્ષાએથી આ અંગે ત્વરીત પગલાં લેવામાં આવે તેવી પ્રબળ લાગણી અને માંગણી રહીશોએ વ્યકત કરી છે.

## ‘ઘ’ માર્ગ પર એક્સ આર્મીમેનની લૂંટ પ્રકરણે આરોપીઓ પકડાયા

ગાંધીનગર, તા. ૨૨

પાટનગરમાં સતત ધમધમતા રહેતા રાજમાર્ગ ઘ-રોડ પર ચાર દિવસ પહેલાં બપોરવેળાએ રિક્ષામાં બેઠેલા એક્સ આર્મીમેન એવા વૃદ્ધના ગળામાંથી રૂ. ૩૫ હજારની કિંમતનાં સોનાના દોરાની લૂંટ થવાના બનાવમાં નજીકમાં જ પેટ્રોલિંગમાં રહેલા ક્રાઈમ બ્રાંચના જવાનોએ રિક્ષા ગેંગના એક સભ્યને ઝડપી લીધો હતો. જ્યારે ભીડનો લાભ ઉઠાવીને નાસી છુટેલા ત્રણ શખ્સોને આખરે ઝડપી લેવામાં આવ્યા હતા.

પેથાપુર પાસે જીઈબી કોલોનીમાં રહેતા ૮૨ વર્ષની ઉંમરના એક્સ આર્મીમેન મહેન્દ્રભાઈ મણીલાલ ભાવસારે આ બનાવ બારામાં ફરિયાદ નોંધાવી હતી. તે પ્રમાણે બપોરે ૧૨ વાગ્યાના અરસામાં તેમણે જીઈબી તરફ જતી મુસાફર ભરેલી રીક્ષામાં સાવ સસ્તા ભાડાની બોલી કરીને જગ્યા મેળવી હતી. પરંતુ ઘ-૫ સર્કલથી ઘ-૬ સર્કલ વચ્ચે પહોંચવા દરમિયાન જ તેને ગળામાંથી સોનાનો દોરો ખેંચાઈ ગયાનું જણાતાં બુમરાણ મચાવી દેવા સાથે રિક્ષા ઉભી રખાવી હતી. તે સાથે જ લોકો ટોળે વળી જવા સાથે એલસીબીના સબ ઈન્સ્પેક્ટર બારોટ સહિતનો પોલીસ કાફલો સ્થળ પર પહોંચ્યો હતો.

જો કે ધમાલ મચવાની સાથે રિક્ષાના ચાલક તથા મુસાફરના સ્વાંગમાં રહેલા અન્ય ત્રણ શખ્સોએ દોટ મુકી હતી. પોલીસે અમદાવાદમાં સાહપુર વિસ્તારમાં રહેતાં મનોજ ઉર્ફે માંજરો રજનીકાંત દાતણીયાને ઝડપી લીધો હતો. જ્યારે ચમનપુરામાં રહેતા રિક્ષા ચાલક જેઠા પટ્ટણી, તથા ઘોડા કેમ્પમાં રહેતા અશાંક કાંતીલાલ પટ્ટણી અને શના રત્નાભાઈ પટ્ટણી નાસી છુટ્યા હતા. આ ત્રણ આરોપીને પોલીસે ઝડપી લઈ કોર્ટમાં રજુ કર્યા હતા.

# શહેરની મધ્યે આવેલુ ફતેપુરા ગામ સમસ્યાઓથી ઘેરાયેલ છે

## શહેરનો જ એક ભાગ ફતેપુરા ગામ હજુ સુધી અન્ય સેકટરો જેટલી સુવિધાઓ મેળવી શક્યું નથી

ગાંધીનગર, તા. ૨૨

સરકારી કોલેજ, ટીચર્સ યુનિવર્સિટી અને સાઈ કોમ્પ્લેક્ષ જેવી મોટી સંસ્થાઓ જે સેકટરમાં છે તેવા સેકટર-૧૫નો જ એક ભાગ છે ફતેપુરા ગામ. આ ગામ પાટનગરની વચ્ચોવચ આવેલું હોવા છતાં ગ્રામજનો આજ દિન સુધી પ્રાથમિક સુવિધાઓથી વંચિત છે. સરકારી અધિકારીઓ અહીં ફરકતા જ નથી.

**આ છે ગાંધીનગરની સમસ્યાઓનું મહાપુરાણ (૨)**

ગાંધીનગર શહેર ચાર-પાંચ ગામોની જમીન પર વસેલું છે. ફતેપુરા ગામ પણ તેમાંથી એક છે. ફતેપુરા ગામનું સરનામું સેકટર-૧૫ છે. આમ તો આ ગામ વાવોલનું જ એક પરું છે. આ ગામનું નામ ફતેસિંહ ગાયકવાડના સમયમાં તેમના નામ પરથી પડયું. કંઈ કેટલીયે સરકારો આવી અને ગઈ પરંતુ હજુ ગ્રામજનો ગાયકવાડી સરકારને જ શ્રેષ્ઠ માને છે. ચુંટણી નજીક આવી રહી છે ત્યારે જુદા જુદા પક્ષોના ઉમેદવારો ગામની મુલાકાત લેશે અને જાતભાતની વાતો-વચનો આપશે પરંતુ આ વખતે ગ્રામજનોએ ઉમેદવારોની છેતરામણી વાતોમાં નહીં ફસાવવાનો નિર્ણય કર્યો છે. અમારા પ્રતિનિધિએ જયારે આ ગામની મુલાકાત લીધી ત્યારે કેટલીયે સમસ્યાઓ સામે આવી. ગામના રામસિંગભાઈ ઠાકોર કહે છે કે આખા ગાંધીનગરમાં ભુગર્ભ ગટર લાઈનની વ્યવસ્થા છે પરંતુ અમારું ગામ શહેરની મધ્યમાં આવેલું હોવા છતાં અહીં ગટરલાઈનનો અભાવ જોવા મળે છે. ગંદુ પાણી ગામમાંથી વહેતા સ્વાસ્થ્યનો પ્રશ્નો ઉભો થયો છે. વળી ગામના કેટલાક ભાગમાં જે ગટરલાઈન વર્ષો અગાઉ નાંખવામાં આવી હતી તે ખુબ નાની હોવાથી અવારનવાર ગટર ઉભરાવવાના પ્રશ્નો બને છે. સ્ટ્રીટલાઈટનો પણ અહીં અભાવ છે.

ગામના જ ચંદુજી જીવાજી ઠાકોર કહે છે કે બી.પી.એલ. યાદી હજુ સુધી પ્રાપ્ત ન હોવાથી લાભાર્થીઓ તેના લાભથી વંચિત રહ્યા છે આ પ્રશ્નનો સત્વરે ઉકેલ આવવો જોઈએ. બાદુજી ભાદાજી ઠાકોર અને બાલુજી માધાજી ઠાકોર કહે છે કે ગામમાં સરકારી દવાખાનું ન હોવાથી ગ્રામજનોને પ્રાથમિક સારવાર માટે પણ દુર સુધી જવું પડે છે. ફતેપુરાની પરિસ્થિતિ તો એવી છે કે તે ન શહેર ગણાય છે ન ગામ. દુર સુદુરના ગામડાઓનો વિકાસ વિવિધ યોજનાઓ હેઠળ થઈ રહ્યો છે ત્યારે ફતેપુરા આ સુવિધાઓ અને યોજનાઓથી વંચિત જ રહ્યું છે. ગામમાં નાનકડું ગ્રંથાલય ન હોવાથી વાંચન પ્રવૃત્તિનો વિકાસ થયો નથી.



ગામનો એક સળગતો પ્રશ્ન છે અસરગ્રસ્ત ખેડૂતોનો. સરકારે ગામના ખેડૂતોની જમીન વખતોવખત સંપાદિત તો કરી દીધી પરંતુ તેમને લાભો તો દાયકાઓ બાદ પણ મળ્યાં નથી ગામની પ્રાથમિક શાળામાં આવર્ષથી ધો-૮નો સમાવેશ કરવામાં આવ્યો છે પરંતુ તેના શિક્ષક હજુ સુધી ફાળવવામાં આવ્યા ન હોવાથી વિદ્યાર્થીઓના શિક્ષણ પર તેની ઘેરી અસર પડે છે. શાળામાં કોમ્પ્યુટર છે પરંતુ કોમ્પ્યુટર શિક્ષક ન હોવાથી ગ્રામજનોએ ફાળો એકત્ર કરી એક શિક્ષકની નિમણૂંક કરી છે. જે વિદ્યાર્થીઓને કોમ્પ્યુટરનું શિક્ષણ આપે છે. દિવા તળે અંધારું જેવી પરિસ્થિતિમાંથી ગામને ઉગારવામાં આવે તેવું ગ્રામજનો ઈચ્છી રહ્યા છે.

# સે-૨૧ સ્થિત કેબીન માર્કેટમાં ગેરકાયદેસર દબાણોનું અસ્તિત્વ

**ગેરરિતી આચરી જગ્યા કબજે કરાતા દબાણ દૂર કરવા વેપારીઓની પ્રબળ માંગ**

ગાંધીનગર, તા. ૨૨

સેકટર-૨૧ ચર્ચ વિસ્તારમાં ગેરકાયદેસર કેબીનો અસ્તિત્વમાં આવતા વેપારીઓ સહિત રાહદારીઓને પારાવાર મુશ્કેલી વેઠવી પડે છે. ચર્ચની બાજુમાં સ્થિત ત્રિકોણીયા કેબીન માર્કેટમાં કેબીનોની જગ્યા પર ગેરકાયદેસર દબાણો ઉભા કરી દેવાતા વેપારીઓ માટે શિરદર્દ ઉભો થયો છે.

સેકટર-૨૧ ત્રિકોણીયા કેબીન માર્કેટ એસોસિએશનનાં દિપક પટેલે આ અંગે રજુઆતમાં જણાવ્યા અનુસાર સેકટરમાં નાના વેપારીઓને ચર્ચની બાજુમાં ત્રિકોણીયા પ્લોટમાં આવેલ કેબીનોમાં વેપારીઓ નાનો મોટો ધંધો કરી રોજી રોટી રળે છે. આ જગ્યાએ કાયદેસરની પ્રક્રિયાને અંતે ૩૯ પ્લોટમાં કેબીનની જગ્યા ફાળવવામાં આવી હતી. જયારે વધારાની જગ્યામાં ૧૮ થી ૧૯ કેબીનોની જગ્યા પર ગેરરિતી આચરી દબાણ ઉભું કરાયું છે. આ વિસ્તારમાં અસ્તિત્વમાં આવેલ દબાણના લીધે ત્રિકોણીયા ગલ્લા બજારમાં પ્રવેશ કરવા તેમજ બહાર નીકળવામાં રાહદારીએ પારાવાર મુશ્કેલીઓ વેઠવી પડે છે. ઉપરાંત ગરીબ વેપારીઓએ પણ ગેરકાયદેસર દબાણને લીધે અનેક પ્રશ્નોનો સામનો કરવો પડે છે. આ મામલે ત્રિકોણીય કેબીન માર્કેટ એસોસીએશન દ્વારા સેકટર-૨૧ સુવિધા કચેરીના તંત્રને પણ ગેરકાયદેસર દબાણ દુર કરવા રજુઆત કરવામાં આવી છે. એસોસિએશનના ૨૭ થી વધુ વેપારીઓએ ત્વરીત કાર્યવાહી હાથ ધરી દબાણ દુર કરવા માંગ કરી છે.

# ચૂંટણીને અનુલક્ષીને ચિલોડામાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારોમાં ફલેગ માર્ચ યોજાઈ

ચિલોડા, તા. ૨૨



ગાંધીનગર જિલ્લાના મુખ્ય પૂર્વ વિસ્તારમાં ચિલોડા પોલીસ સ્ટેશન તથા ડભોડાની હદમાં સમાવિષ્ટ ગામોમાં વિધાનસભાની આગામી ચૂંટણીને અનુલક્ષીને પોલીસ તથા આર્મી ટૂકડી દ્વારા ફલેગ માર્ચ યોજવામાં આવી હતી.

આ ફલેગ માર્ચના કારણે સ્થાનિક રહીશોમાં કુતૂહલ જોવા મળ્યું હતું. માર્ચ જોવા લોકો ઘરોની બહાર નીકળી આવ્યા હતા. પોલીસ તથા આર્મી જવાનો દ્વારા વાહનો, હથિયારો સહિત આ માર્ચ યોજવામાં આવી હતી. આર્મીના ૧૮ જવાનો, પોલીસ અધિકારી એસ આર પટેલ, હેડ કોન્સ્ટેબલ હિરાજી ખાંટ, શાન્તિભાઈ નાયી, કાન્તિભાઈ રાવળ તથા મનુભાઈ પટેલ જોડાયા હતા. આ ફલેગ માર્ચ મગોડી લાટથી આરંભાઈને ઈસનપુર મોટા, ચિલોડા મોટા, મહુન્દ્રા, ધણપ, ગિયોડ, છાલા, કાનપુર, ચંદ્રાલા, માધવગઢ, સાદરા-જાખોરા, ચેખલારાણી, ધરમપુર, દશેલા, દોલારાણા વાસણા, આલમપુર, લેકાવાડા અને પાલજ થઈ ચિલોડા પોલીસ સ્ટેશને પરત ફરી હતી.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૪૩

સૂર્યાસ્ત : ૬.૦૧

## તાપમાન

મહત્તમ : ૩૧.૦ ડિ.સે.

લઘુત્તમ : ૧૩.૫ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૫૬ ટકા ● સાંજે ૩૬ ટકા

## મનોરંજન

### સિટી પલ્સ

: સ્ક્રીન-૧ :
સન ઑફ સરદાર : ૧૦.૦૦, ૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૧૦.૦૦

: સ્ક્રીન-૨ :
જબ તક હે જાન : ૧૨.૦૦, ૩.૩૦, ૯.૩૦
લાઈફ ઑફ પાઈ (અંગ્રજી) : ૭.૦૦

: સ્ક્રીન-૩ :
જબ તક હે જાન : ૧૦.૦૦, ૬.૩૦
લાઈફ ઑફ પાઈ (હિન્દી) : ૧.૧૫, ૪.૦૦ ૧૦.૧૫

: સ્ક્રીન-૪ :
સન ઑફ સરદાર : ૧૧.૩૦, ૫.૩૦
જબ તક હે જાન : ૨.૧૫, ૮.૩૦

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
લાઈફ ઑફ પાઈ (હિન્દી) : ૯.૪૫, ૫.૪૫, ૧૦.૩૦
થુપાક્કી : ૧૨.૧૫
ટ્વાલાઈટ : ૩.૩૦, ૮.૧૫

: સ્ક્રીન-૨ :
જબ તક હે જાન : ૧૧.૦૦, ૫.૩૦
સન ઑફ સરદાર : ૨.૩૦, ૯.૦૦

: સ્ક્રીન-૩ :
સન ઑફ સરદાર : ૯.૩૦, ૩.૪૫, ૧૦.૧૫
જબ તક હે જાન : ૧૨.૧૫, ૬.૩૦

: સ્ક્રીન-૪ :
જબ તક હે જાન : ૯.૦૦, ૩.૧૫, ૯.૩૦
સન ઑફ સરદાર : ૧૨.૩૦, ૬.૪૫

### સૂર્યા, વાવોલ

સન ઑફ સરદાર : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
પ્રિત શાયબા ન ભુલાય: ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
સન ઑફ સરદાર : ૧૦.૪૫, ૧.૩૦, ૪.૧૫, ૭.૦૦, ૧૦.૧૫

: સ્ક્રીન-૨ :
જબ તક હે જાન : ૧૦.૩૦, ૨.૦૦, ૬.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૩ :
ઑપરેશન મુંબઈ : ૧૦.૩૦, ૧૨.૪૫, ૭.૩૦,૧૦.૧૫
સન ઑફ સરદાર : ૨.૩૦, ૫.૦૦

### ચિરાગ, કલોલ

સન ઑફ સરદાર : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

## આપની આજ

**મેષ** : આપ કોઈપણ પ્રકારના વ્યર્થ ભ્રમમાં ન રહેતા સ્વવિવેકથી કામ કરશો તો સફળતા સંભવ છે. કુટુંબના સભ્યો સાથે મતભેદ ન થાય તેની કાળજી રાખવી.

**વૃષભ** : નોકરી, વ્યાપાર, રોજગારમાં સમય પર નિર્ણય ન લેવાથી હાનિ થઈ શકે છે. આવક- ખર્ચમાં સંતોલન રહેશે. કાર્યક્ષમતામાં વૃદ્ધિ થશે.

**મિથુન** : આપના થકી વ્યવસાયિક ક્ષેત્રે નવી યોજના બની શકશે જેનો લાભ ભવિષ્યમાં થશે. પ્રયત્નો ચાલુ રાખવા. કુટુંબીજનો સાથે સામજસ્ય બન્યું રહેવાની સંભાવના છે.

**કર્ક** : તમારા કાર્યોની સમાજમાં અને વ્યવસાયક્ષેત્રે નોંધપાત્ર પ્રશંસા થશે. જમીન- મકાન ખરીદવાની આકાંક્ષા પૂર્ણ થવાની સંભાવના રહેશે.

**સિંહ** : વ્યાપાર- વ્યવસાયક્ષેત્રે સમસ્યાઓ હોવાં છતાં કાર્ય થવાનો યોગ બની રહ્યો છે. આર્થિક લાભનાં સ્ત્રોતોથી સંબંધી ઉત્પન્ન થયેલી સમસ્યાઓ છતાં કાર્ય પૂર્ણ થવાની સંભાવના છે.

**કન્યા** : પ્રતિસ્પર્ધામાં વિજય પ્રાપ્ત થવાની સંભાવના છે. વેપાર- ધંધા સારા અને લાભપ્રદ આર્થિક લાભની તક પ્રાપ્ત થવાના યોગ પ્રબળ બની રહ્યા છે.

**તુલા** : આપનામાં આંતરીક પ્રભાવ વધવાથી શત્રુને પરાસ્ત કરી શકશો. આપના અથાગ રીતે કરેલ મહેનતનું ફળ તરત જ મળી શકશે.

**વૃશ્ચિક** : અટકેલા કાર્ય સમય પર પૂરા કરવા આપ કટીબદ્ધ બનશો. વ્યકિતગત કાર્યોમાં ઉન્નતિ પ્રાપ્ત થશે. કાયદાકીય બાબતોમાં આત્મવિશ્વાસમાં કમી આવવાની સંભાવના છે.

**ધન** : અટવાયેલા નાણાં પરત મળી શકે છે. સંચિત ધનમાં વૃદ્ધિનો યોગ.ધર્મના ક્ષેત્રમાં વિશેષ રુચિ જાગૃત થઈ શકશે.

**મકર** : જૂના કાર્યોમાં ઉભી થયેલી સમસ્યાઓનું નિરાકરણ થઈ શકશે. ઉદર વિકારને કારણે ખાનપાન પર સંયમ રાખવું.

**કુંભ** : કોઈ વરિષ્ઠ વ્યક્તિઓ અને નિતિગત સમસ્યાઓ પર સમય અને ધન ખર્ચ થવાની સંભાવના રહેલી છે. શાસનથી વિશેષ લાભ પ્રાપ્ત થઈ શકે છે.

**મીન** : વ્યાપારિક ભાગીદારી, કૌટુંબિક વિવાદ વગેરે માટે ભાગ્યવર્ધક યાત્રા- પ્રવાસનો યોગ બને છે. કલાક્ષેત્ર સાથે સંકળાયેલ વ્યક્તિઓને લાભ પ્રાપ્તિનો યોગ.

## ચિરવિદાય

- સ્વ. શારદાબેન ડાહ્યાલાલ શાહ (ઉ.વ. ૮૦) પ્લોટ નં. ૧૬૦, સેકટર-૨૧, ગાંધીનગર.
- સ્વ. ડાઈબેન વાલજીભાઈ પ્રજાપતિ (ઉ.વ.૬૨) મુ. પો. જસુદ, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. ધનલક્ષ્મીબેન સૂર્યકાન્તભાઈ વ્યાસ (ઉ.વ. ૬૧) પ્લોટ નં. ૬૩૨/૨, સેકટર-૬/બી, ગાંધીનગર.
- સ્વ. જયંતિલાલ રામલાલ સાધુ(ઉ.વ. ૫૨) મુ.પો. મોટી આદરજ, તા., જિ. ગાંધીનગર.